## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ખોટી બૂમો પાડો નહી... આ જુઓ મોંઘવારી આને કહેવાય....!!!

# કવિ દાદનુ ૧૪મીએ વિશેષ સન્માન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા કવિ દાદનુ વિશેષ સન્માન ૧૪મી ડિસેમ્બરના રોજ જૂનાગઢ ટાઉનહોલ ખાતે કરવામાં આવશે. ટ્રસ્ટની યાદીમાં જણાવાયા મુજબ શ્રી હાલાણી એજ્યુ. એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ આણંદના સૌજન્યથી આ પ્રસંગે લોકડાયરાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજય મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ સન્માન સમારોહમાં રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મેયર જૂનાગઢ મનપા ધીરૂભાઈ ગોહિલ, સમરથદાન ઝુલા, પદ્મશ્રી ભીખુદાન ગઢવી, જીતેન્દ્રલાલ, બદરૂદીનભાઈ હાલાણી તેમજ નિવૃત્ત સનદી અધિકારી એસ.કે. લાંગા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે. કવિ દાદની કાવ્યરચનાઓ એ લોકજીભે અનેરૂ સ્થાન મેળવ્યુ છે. તેઓએ લોકસાહિત્યમાં કરેલા નોંધનીય પ્રદાનને લઈ આ વિશેષ સન્માન કરવામાં આવી રહ્યુ છે.

## ફાર્મસી કોલેજ ખાતે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

ગાંધીનગરના સે. ૨૩ ખાતેની કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે ગુજકોસ્ટ દ્વારા એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સેમિનારનો વિષય "પોલિસીસ્ટિક ઓવરી સિન્ડ્રોમ - એ ચેલેન્જ ઓફ મોર્ડન એરા" રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતભરમાંથી વિવિધ ફાર્મસી કોલેજના ૧૮૫ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. સેમિનારમાં ડૉ. નિશા પટેલ, ડૉ. નેહા શુકલા, ડૉ. નીતા શેખાવત અને ડૉ. ભાસ્કર ઠક્કર જેવા વક્તાઓએ વિષય અનુરૂપ વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડી ચર્ચા કરી હતી.

# લોકરક્ષક ભરતીમાં અનામત કેટેગરીની બહેનોને અન્યાય થતા ગૃહમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૨

લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા લોક રક્ષક કેડરની વર્ગ-૩ ની કુલ-૬૧૮૯ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગત તા.૧૫-૧૦-૧૮ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરાઈ હતી. જેમાં સરકાર દ્વારા અન્ય ૩૫૨૪ જગ્યાઓના વધારા સાથે ટોટલ ૯૭૧૩ જગ્યા પર લોકરક્ષકની વિવિધ સંવર્ગની ભરતી કરવાની હતી. જેનું મેરીટલીસ્ટ તા.૧-૧૨-૧૯ ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. આ મેરીટલીસ્ટમાં બહેનોનું બિન અનામત કેટેગરીનું ૧૫૭૮ નું મેરીટ જાહેર કરવામાં આવ્યું નથી જેને પગલે મહિલા ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. લોકરક્ષક ઉમેદવાર બહેનો મોટીસંખ્યામાં ગાંધીનગર દોડી આવી હતી. બહેનોએ રાજયના ગૃહમંત્રીને અનો ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ લોકરક્ષકની ભરતીમાં બિન અનામત મહિલાઓનું મેરીટ જાહેર કરવામાં ન આવતા મહિલા ઉમેદવારોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. મહિલાઓ તંત્ર પાસે જાણવા માગે છે કે કયાં કારણોસર મેરીટ બાકી રાખવામાં આવ્યું છે અને જાહેર કરેલા મેરીટમાં બિન અનામત કેટેગરીની મહિલાઓના સમાવેશ વિના કંઈ રીતે મેરીટ બનાવ્યું તે આ ઉમેદવારોને સમજાતુ નથી. જેથી લોકરક્ષકની ભરતીમાં અનામત કેટેગરીની મહિલાઓને અન્યાય કરવામાં આવ્યો હોય તેમ સ્પષ્ટ લાગી રહ્યું છે. જાહેર કરેલા લીસ્ટમાં અનામત કેટેગરી (એસટી, એસસી, ઓબીસી)ની વધુ ગુણ ધરાવતી મહિલાઓ જે ૨૬ કરીને વધુ ગુણ ધરાવતી અનામત વર્ગની મહિલાઓને બિન અનામત વર્ગમાં સમાવેશ



બિન અનામતમાં સમાવી શકાય તેટલા ગુણ ધરાવે છે. છતા અનામત કેટેગરીની મહિલાઓને બિન અનામત કેટેગરીમાં સામેલ નહી કરીને તેમનો અન્યાય કરાયો છે. ત્યારે મહિલા ઉમેદવારોએ આ મેરીટલીસ્ટ કરવામાં આવે અને ફરીથી નવુ મેરીટલીસ્ટ જાહેર કરવામાં આવે તેવી માંગ કરી છે. જો મહિલાઓની માંગ નહી સ્વીકારવામાં આવે તો આંદોલનની ચિમકી મહિલા અનામત ઉમેદવારોએ ઉચ્ચારી છે.

# સેકટર-૨૪ ખાતે આશાસ્પદ યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે રહેતા પૂર્વ કોર્પોરેટરના આશાસ્પદ દિકરાએ આજે બપોરના સુમારે અચાનક ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. માતા-પિતા કામઅર્થે બહાર ગયા હતા તે સમયે દિકરાએ આ પગલુ ભર્યું હતું. બપોરે તેઓ ઘરે આવ્યા ત્યારે ઘરનો દરવાજો સામાન્ય આડો કર્યો હતો, તેઓ દરવાજો ખોલતા જ ઘરમાં નજર કરી તો પોતાનો વ્હાલસોયો દિકરો લટકતો જોવા મળ્યો હતો. માતા-પિતાના જોરદાર આક્રંદથી આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી મૃતદેહને નીચે ઉતારીને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર ન્યાયાલય ખાતે વકીલાત કરતા સંદીપ જયોતિકર સેકટર-૨૪ પીળો પટ્ટો ખાતે મકાન નં.૭૭૯ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. સંદિપભાઈ અને તેમના પત્ની ગુરુવારના રોજ બહાર ગયા હતા. તે સમયે તેમનો ૨૪ વર્ષિય દિકરો યશ ઘરે એકલો જ હતો. યશ એન્જીનિયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સંદિપભાઈ અને તેમના પત્ની બપોરના સુમારે ઘરે આવ્યા હતા.ત્યારે ઘરનો દરવાજો સામાન્ય આડો કરેલો હતો.તેઓએ દરવાજો ખોલ્યો ત્યારે ઘરમાં નજર કરી તો પોતાનો દિકરો ગળાફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. પુત્રને આ સ્થિતિમાં જોઈને માતા-પિતાના મોઢામાંથી ચીસ નીકળી ગઈ હતી. હૈયાફાટ રૂદનને પગલે આસપાસના પાડોશીઓ દોડી આવ્યા હતા.

આશાસ્પદ યુવાનના મૃત્યુના સમાચાર વાયુવેગે ફેલાતા સમગ્ર સેકટરમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા સેકટર-૨૧ પોલીસ મથકના હે.કો.પ્રશાંત પાટીલ સ્થળ પર દોડી ગયા હતા અને મૃતદેહને નીચે ઉતરાવીને પીએમઅર્થે મોકલી આપ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોત દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે પૂર્વ કોર્પોરેટરના દિકરાના અવસાનની જાણ થતા સિવિલ ખાતે શહેરના આગેવાનો દોડી આવ્યા હતા.



ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેના સ્વામિનારાયણ મંદિરમાં વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ પ્રસંગે પરિવારમાં તેમજ સમાજમાં શુખ, શાંતિ અને જીવનનુ પરમ શ્રેય સાધનાર "વચનામૃત પૂજન શ્રી હરિ મહાવિષ્ણુ યજ્ઞ"નો મંગળ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સવારથી સાંજ સુધી આશરે એકસો જેટલા યજમાનોએ યજ્ઞનો લાભ લીધો હતો. સાંજે ૫.૩૦ કલાકે સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી હરિકેશવદાસજીના વરદહસ્તે શ્રીફળ હોમવામાં આવ્યુ હતુ ત્યારે મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

# આદરજ મોટી ગામે વાડ કાપવા અંગે પિતા પુત્રનો પાડોશી પર લાકડી વડે હુમલો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા આદરજ મોટી ગામે વાડ કાપવા અંગેની સામાન્ય બાબતે બે પાડોશી વચ્ચે મારા-મારી થઈ હતી. જેમા પાડોશમાં રહેતા પિતા-પુત્રએ આધેડને લાકડી વડે પગમાં માર મારતા ઈજા પહોંચતા આધેડને ૧૦૮ મારફતે તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સુરેશજી મોહનજી ઠાકોરે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ આદરજ મોટી ગામે બળીયાદેવના પરા ખાતે રહેતા સુરેશજી મોહનજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. સુરેશજી પોતાના ઘર પાસે સંડાસ-બાથરુમ બનાવી રહ્યા છે, તેથી તેની કામ ચાલી રહ્યું છે.ત્યારે ગતરોજ ફરીયાદી સંડાસને પાણી છાંટી રહ્યા હતા તે સમયે તેમની બાજુમાં રહેતા વિષ્ણુજી ગફુરજી ઠાકોર આવ્યા હતા અને કહ્યું હતું કે અશોક ઠાકોરની વાડ કાંપી નાંખો. જેથી ફરીયાદીએ કહ્યું હતુ કે વાડ મારી નથી, હું કેવી રીતે કાપુ તેમ કહેતા વિષ્ણુજી ઉશ્કેરાઈ ગયા હતા. સુરેશજીને વિષ્ણુજી એ બેફામ ગાળો બોલીને મારવા માટે આવતા હતા.

એટલીવારમાં તેમનો દિકરો આકાશ વિષ્ણુજી ઠાકોર લાકડી લઈને આવતા તેણે ફરીયાદીને પગમાં મારતા તેમણે બચાવવા માટે બુમો પાડી હતી. જેથી સુરેશજીની પત્ની હસુમતિ બહેન અને નાનો ભાઈ નારણભાઈ આવી પહોંચ્યા હતા અને વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ જતા ઈજાગ્રસ્ત સુરેશજીને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. બનાવ અંગે સુરેશજીએ પેથાપુર પોલીસ મથકે વિષ્ણુજી ઠાકોર અને આકાશ ઠાકોર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરના સેકટરોમાં ડગલે ને પગલે દુવિધાઓ પાંગરી રહી છે. હાઈટેક વિકાસની સોહામણી વાતો વચ્ચે સ્વચ્છતા અને સુંદરતાનો અભિગમ વિસરાયો છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં બિહામણાં દ્રશ્યો આ હકીકતને બયાન કરતો તાદ્રશ્ય ચિતાર રજુ કરતા નજરે પડે છે. રાજયના પાટનગરમાં છેવાડાના ગામડા કરતા પણ બદતર સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં કોર્પોરેશન સંચાલિત ટોઈલેટ બ્લોક અસહ્ય ગંદકીથી ખદબદી રહ્યા છે. સે-૧૭ ના શોપિંગ વિસ્તારમાં સ્થિત ટોઈલેટ બ્લોકની કાટમાળથી પણ બદતર છે. શૌચાલાયના નામે આડશમાં માત્ર દિવાલો જ રહી ગઈ હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. શૌચાલયના દરવાજા સહીત ટાઈલ્સો પણ તુટેલી હાલતમાં છે. સ્થાનિક વેપારીઓ પણ આ સ્થિતિ વચ્ચે ગુંગળામણ અનુભવતા ખુલ્લામાં જ શૌચ ક્રીયાએ જવાનુ પસંદ કરી રહ્યા છે. શૌચાલયોના નિર્માણ અને સફાઈના નામે લાખોનો ખર્ચ થાય છે. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે સેકટરોના શોપિંગ વિસ્તારમાં સ્થિત આ પ્રકારના શૌચાલયો માત્ર ગંદકીનુ ઉદભવ સ્થાન બની રહે છે. સેકટરના સ્થાનિક રહીશો અને વેપારીઓ પણ ત્રાહીમામ પોકારી ગયા છે.આમછતા કોર્પોરેશન કક્ષાએથી આમ નાગરિકોને સ્પર્શતી આ જટીલ સમસ્યાનુ કોઈ નિરાકરણ આવતુ નથી. રોડ રસ્તા અને ઉંચી ઈમારતોના તોતિંગ પ્રોજેકટોના આયોજનમાં વ્યસ્ત અને મસ્ત રહેતા સત્તાધીશોને આમ નાગરિકોના ઘરઆંગણે ઉદભવતી નાની મોટી સમસ્યાઓ દુર કરવામાં રસ નથી.

# જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૧૧૮૫૯ વૃક્ષો કપાયા હરિયાળીનુ નિકંદન

### લો કર લો બાત.. શહેરમાં બે વર્ષમાં એકપણ વૃક્ષ કપાયુ ન હોવાનો સરકારી ચોપડે ઉલ્લેખ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ અને બે મહીના દરમિયાન ૧૧૮૫૯ વૃક્ષો કપાયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે શહેરમાં એક પણ વૃક્ષ કપાયુ ન હોવાનુ પણ સરકારી ચોપડે નોંધાયુ છે. શહેર તેમજ જિલ્લામાં માર્ગ વાઈડનીગ તેમજ અન્ય વિકાસ કામોના લીધે હરિયાળીનુ વારંવાર નિકંદન નિકળતુ હોવાનો રોષ પણ પ્રકૃતિ પ્રેમીઓ ઠાલવી રહ્યા છે. એક સમયે ગ્રીન સીટીનુ બિરુદ ધરાવતુ ગાંધીનગર હવે હાંસિયામાં ધકેલાયુ છે.

બીજીતરફ શહેરને વધુ હરિયાળુ બનાવવા માટે નવા રોપાઓની વાવણી સહીત પર્યાવરણ બચાવોના મામલે પણ જનજાગૃતિ કેળવવા પ્રયાસ હાથ ધરાયા છે. ત્યારે જિલ્લામાં હરિયાળા વૃક્ષોની કટોતી પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

ગાંધીનગર દાયકાઓ પુર્વે ગ્રીનસીટી તરીકે આગવી ઓળખ ધરાવતુ હતુ. હરિયાળા શહેરની યાદીમાં ગ્રીન સીટી મોખરી હરોળમાં હતુ. પરંતુ સમય જતા હાઈટેક વિકાસની લ્હાયમાં હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળતા શહેરની હરિયાળી સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. હાલ પણ હરિયાળી ગુમાવતા શહેરમાં પર્યાવરણ પ્રેમીઓ અનેકવાર વૃક્ષો કાપવાના વિરોધમાં આક્રમક બની વિરોધ પ્રદર્શિત કરતા નજરે પડે છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૪૧૨૮ અને વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૩૫૫ જેટલા વૃક્ષો કપાયા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૦ ના એપ્રિલ અને મેં મહીના દરમિયાન ૩૭૬ વૃક્ષો કપાયા હોવાનુ સરકારી ચોપડે નોંધાયુ છે. જિલ્લામાં બે વર્ષ અને બે મહીના દરમિયાન ૧૧૮૫૯ જેટલા વૃક્ષોની કટોતી થઈ હોવાનુ સરકારી ચોપડે નોંધાયુ છે. જયારે બીજીતરફ શહેરમાં એક પણ વૃક્ષ કપાયુ ન હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે. શહેર તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારમાં વિકાસ કામોના નામે અનેકવાર હરિયાળા વૃક્ષોનો સોથ વળતો હોવાના રોષ સાથે પ્રકૃતિ પ્રેમીઓનુ મોં વંકાય છે. ત્યારે શહેર સાથે જિલ્લામાં પણ હરિયાળીનુ નિકંદન વળતા વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે.

## વૃક્ષોની કટોતીના અંતે બે વર્ષમાં ૪૪.૫૦ લાખના લાકડું ઉપલબ્ધ થયું

જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૧૧૮૫૯ વૃક્ષોનો સોથ વળી ગયો છે. જયારે આ વૃક્ષોની કટોતીના અંતે વનતંત્રને ૨૩૫૪ ઘનમીટર ઈમારતી લાકડાની ઉપજ મેળવી છે. જયારે ૧૪૨૮૭ કવીન્ટલ જલાઉ લાકડાની ઉપજ મેળવી છે. આ લાકડાની કીંમત અંદાજિત કીંમત ૪૪.૫૦ લાખ થાય છે.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં હરિયાળા વૃક્ષોની કટોતીના અંતે કીંમતી લાકડાની પણ વિશેષ ઉપજ થાય છે. જલાઉ અને ઈમારતી લાકડાની કીંમત પણ ઉંચી હોય છે. વનતંત્ર દ્વારા જલાઈ લાકડાની હરાજી પણ કરવામાં આવે છે. ટુંક સમયમાં જ અંદાજિત ૫ હજાર કવિન્ટલ જલાઉ લાકડાની હરાજી પણ કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૧ હજારથી વધુ વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જયારે આ લાકડાની કટોતીના અંતે વનતંત્રને લાકડાની ઉપજ પણ થઈ છે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં ૪૧૨૫ વૃક્ષોની કટોતી થઈ જેમાંથી ૧૫૧૩ ઘનમીટર ઈમારતી અને ૫૮૪૫ કવિન્ટલ જલાઉ લાકડાની ઉપજ થઈ છે. જયારે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૭૩૫૫ વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે આ પૈકી ૭૩૧ ઘનમીટર ઈમારતી લાકડુ અને ૮૬૪૨ જલાઉ લાકડાની ઉપજ થઈ છે. વનતંત્રને આ વૃક્ષોની કટોતીના અંતે રૂ ૪૪.૫૦ લાખનુ લાકડુ ઉપલબ્ધ થયુ છે.

## જાખોરા ગામે ગુજરાત વિદ્યાપીઠ સ્થાપના શતાબ્દી વર્ષની ઉજવણી

ચિલોડા, તા. ૧૨

ગુજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમ દ્વારા ગ્રામ શિબિર મહાત્મા ગાંધી તથા ગ્રામ સ્વરાજ અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે ખાસ શિબિર જાખોરા ગામે યોજાઈ હતી. આ શિબિરમાં શુભારંભે જાખોરા ગામના સરપંચ કમલેશભાઈ પટેલ અને ગુજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ. અરૂણ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં આધ્યાત્મિક મુલ્યો બાયોગેસ, સજીવખેતી, ગ્રામસ્વરાજ, મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ, ગાંધીજીના રચનાત્મક કાર્યો, વિષયો પર વ્યાખ્યાન યોજાયો હતો. સાથે સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# ગોકુલપુરા 'ક' માર્ગ પર રખડતી ગાયની ટક્કરથી યુગલ ઈજાગ્રસ્ત

ગાંધીનગરના 'ક' રોડ પર વાવોલ નજીકના ગોકુલપુરા પાસે રોડ પર રખડતી ગાયોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. આજે ફરી એકવાર આ માર્ગ પર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પરિણીત યુગલ પોતાના સ્કૂટર પર પસાર થઈ રહ્યું હતુ ત્યારે એક રખડતી ગાયની ટક્કર વાગતા જ બંને રોડ પર પડી જવા પામ્યા હતા. આ અકસ્માતમાં બંને વ્યક્તિને શરીરે છોલાઈ જવાનો તથા માથા સહિત શરીરના ભાગે બેઠો માર વાગવાની ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સાથે જ આસપાસથી નાગરિકોનું ટોળુ એકઠુ થઈ જવા પામ્યુ હતુ અને યુગલને દવાખાને લઈ જવાની વાત કરી હતી. પરંતુ થોડીવારમાં યુગલ સ્વસ્થ થતા જાતે જ વાહન હંકારી ખાનગી દવાખાને સારવાર અર્થે ગયા હતા. ગોકુલપુરા પાસે 'ક' માર્ગ પર મોટી સંખ્યામાં ગાયોના રોડ પર જામના અડિંગાથી અહીથી પસાર થતા વાહનચાલકો



ત્રસ્ત થઈ ચુક્યાં છે અને વાવોલ સહિતના જીઆઈડીસીના વાહનચાલકો આ સમસ્યાનું ઝડપથી કડક હાથે નિરાકરણ આવે તેવુ ઈચ્છી રહ્યાં છે. કેમ કે અહી સપ્તાહમાં ત્રણ થી ચાર આવા નાના મોટા અકસ્માતમાં વાહનચાલકો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે.

# કમોસમી વરસાદથી જુદા જુદા પાકોને નુકસાન : ખેડૂતો ચિંતિત

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્ર સહિત રાજયના જુદાજુદા ભાગોમાં વાતાવરણમાં આવેલા પલટાના પરિણામ સ્વરુપે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. વાવાઝોડા સાથે વરસાદથી જુદા જુદા પાકને ભારે નુકસાન થયું છે જેમાં કપાસ, મરચા, ડુંગળી, લસણ, ચણા, ઘઉં સહિતના પાકનો સમાવેશ થાય છે. ચોમાસુ પાકની જેમ જ શિયાળા પાકને પણ નુકસાન થતાં ખેડૂતોને બેવડો માર સહન કરવાનો વારો આવ્યો છે. કાલાવાડના પીપર ગામે ધોધમાર વરસાદ થયો છે. વરસાદથી ખેડૂત સમુદાય ચિંતાતુર છે. મગફળી અને કપાસના પાકને દિવાળી બાદ પડેલા વરસાદથી પહેલાથી જ ભારે નુકસાન થયું હતું પરંતુ શિયાળુ પાક સારો રહેશે તેવી આશા રાખી રહેલા ખેડૂતોની મહેનત પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે. ઘણી જગ્યાએ ધોધમાર વરસાદથી જનજીવન ઉપર પણ અસર થઈ હતી. ભારે વરસાદ અને વાવાઝોડાના લીધે ઉભેલા પાકને નુકસાન થયું છે. શિયાળુ પાકની વાત કરવામાં આવે તો જીરૂ, ઈસબગુલ, રાયડો સામેલ છે. ફળફળાદી અને શાકભાજીના પાકને પણ નુકસાન થયું છે. આંધી, તોફાન અને વરસાદથી ખેડૂતોની સ્થિતિ દયનીય થઈ છે. ખેતરમાં ઉભેલા એરંડાના પાકને પણ નુકસાન થયું છે. મકાનોને પણ ઘણી જગ્યાએ નુકસાન થયું છે. સુઇ ગામમાં કરા સાથે વરસાદ પડતા ઉભેલા એરંડા પાકને સૌથી વધુ નુકસાન થયું છે. અચાનક વરસાદના લીધે ધાનેરા તાલુકાના ખેડૂતો પણ ચિંતાતુર દેખાી રહ્યા છે. એરંડા ઉપરાંત કપાસ, રાયડો, ઘાસચારા જેવા પાકને પણ નુકસાન થયું છે. ખેતરોમાં ઘણી જગ્યાઓએ પાણી ભરાઈ ગયા છે. આકસ્મિકરીતે દિયોદર પંથકમાં બે ઈંચથી પણ વધુ વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**

**જાહેર નિવિદા નં. ૯/૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી તરફથી ૭ (સાત) કામ, જેની અંદાજીત રકમ રૂ. ૧૨.૪૦ થી ૫૨.૯૫ લાખ છે. જેના માટે ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://mb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે અને ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૩૦/૧૨/૨૦૧૯, સમય ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | તા. ૩૧/૧૨/૨૦૧૯, સમય ૧૧.૩૦ કલાક |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.)થી | તા. ૭/૧/૨૦૨૦ સમય ૧૮.૧૦ કલાક સુધી |

માહિતી/૧૭૭૮/૧૯-૨૦